R4W7K7

# ૭ જગ અને મગ

**બન્ની અને બન્નો પોતાની લગ્નતિથિ ઊજવે છે.**

શું તમને ગયા વર્ષે બન્નીના કુટુંબનાં લગ્ન યાદ છે ?

(જુઓ ધો. ૩ ‘ગણિત-ગમ્મત’ પાના નં. ૧૫૩) બન્ની અને બન્નોએ પોતાના લગ્નના એક વર્ષની ઉજવણી કરવાનું નક્કી કર્યું.




તેઓએ તેમના કુટુંબીજનો અને મિત્રોને આમંત્રણ આપ્યું. તેઓએ ખાસ મીઠાઈ ‘ખીર’ બનાવી.

બધાં પ્રાણીઓ આવ્યાં-

દોડતાં, કૂદતાં અને પેટે સરકતાં.



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in




હાથી ૫૦ લિટર(Litre)ખીર પી રહ્યો છે.

જિરાફ ............ લિટર પી રહ્યું છે.

ગાય ........... લિટર પી રહી છે.

પછી ખિસકોલી આવી તે કહે, “હું ૧ લિટર ખીર નહીં પી શકું. મહેરબાની કરી મને માત્ર ૫૦૦ મિલિ(ml)આપો.”

ગધેડાએ પૂછ્યું, “૫૦૦ મિલિ ખીર ? શું તે ૧ લિટરથી વધારે ન કહેવાય ?”

શિયાળે જવાબ આપ્યો, “અહીં આવ, ગધેડાની જેમ વર્તન ના કર ! ૧ લિટર એટલે ૧૦૦૦ મિલિ, તેથી ૫૦૦ મિલિ એટલે અડધો લિટર થાય.”



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

દેડકો પોતાના ૯ મિત્રો સાથે કૂદ્યો. તેણે કહ્યું... અરે અમારે દરેકને તો માત્ર ૧૦૦ મિલિ જ જોઈએ !



‘‘બરાબર આ રહી તમારી ખીર.’’ - ખીર પીરસતાં બિલાડી બોલી. તેણે ૧૦ ગ્લાસ લીધા અને દરેક ગ્લાસમાં ૧૦૦ મિલિ ખીર ભરી.




ગધેડાએ મૂંઝાઈને પૂછ્યું, ૧૦૦ મિલિનો એક એવા દસ ગ્લાસ એટલે કુલ કેટલું થાય ?

શિયાળને બડાઈ મારવાનો બીજો મોકો મળ્યો ! તેણે કહ્યું, ‘‘અરે, એ તો સાવ સરળ છે ! ૧૦ વખત સો મિલિ એટલે ........ મિલિ = ......... લિટર.

હવે તમે લખો ૧૦ × ૧૦૦ મિલિ = ..............

તીતીઘોડો બોલ્યો, ‘‘કીડીઓનું એક જૂથ આ તરફ કૂચ કરીને આવી રહ્યું છે !’’

બિલાડી ઉદાસ થઈને બોલી, ‘‘ખીર તો પૂરી થઈ ગઈ છે, હવે આપણે શું કરીશું ?’’








Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

''ચિંતા ન કરો, તેઓ વધારે નહીં પીવે. દરેકને માત્ર ૧ મિલિ જ જોઈશે.'' હાથીએ પોતાના કાન વડે બિલાડીનાં આંસુ લૂછતાં કહ્યું કે હું મારી ખીરમાંથી તેમને ભાગ આપીશ.

હાથીએ પૂછ્યું, ''તમે બધાં થઈને કેટલાં છો ?''

''અમે માત્ર ૧૦૦૦ છીએ.'' કીડીઓએ જવાબ આપ્યો.

બિલાડી બોલી, ''ઓહો, એક હજાર ! આપણે ૧૦૦૦ કીડીઓને ખીર આપવી પડશે !''

હાથીએ વિચારીને કહ્યું, ''કંઈ વાંધો નહીં. હું બધું સંભાળી લઈશ.''

દરેક કીડી ૧ મિલિ ખીર પીશે.

જેથી ૧૦૦૦ કીડીઓ પીશે : ૧૦૦૦ × ૧ મિલિ = ........... મિલિ

''અરે ! તેમને પણ દસ દેડકાઓ જેટલી જ ખીર જોઈશે.'' ગધેડાએ કહ્યું.

બધી કીડીઓએ ખીર પી લીધી. દરેક ખૂબ ખુશ હતાં. તેઓએ ગીત ગાઈ તથા નૃત્ય કરીને લગ્નતિથિ ઊજવી.





Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

U5I3D5

**કોને ૧ લિટર ખીર જોઈશે ?**

તમને ખીર ભાવે છે ? તમે તેને ઘરમાં શું કહો છો ?

તમે કેટલી ખીર ખાઈ શકો ?

એક સાથે તમે ૧ લિટર પાણી પી શકો છો ?







ગધેડો જુદી-જુદી રીતે ૧ લિટર પૂર્ણ કરવાનો પ્રયત્ન કરે છે. તમે તેને આ કોઠો પૂર્ણ કરવામાં મદદ કરો.



........ મિલિ + ........ મિલિ + ૨૫૦ મિલિ → એક લિટર

........ મિલિ + ........ મિલિ → એક લિટર

........ મિલિ + ૨૦૦ મિલિ → એક લિટર

૫૦૦ મિલિ + ૫૦૦ મિલિ → એક લિટર

૧૦૦ મિલિ → એક લિટર

........ મિલિ + ........ મિલિ + ........ મિલિ → એક લિટર

........ મિલિ + ........ મિલિ + ........ મિલિ



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

## આજુ-બાજુ જુઓ

આ ચિત્રો જુઓ. હવે આવી બીજી કઈ વસ્તુઓ છે કે, જે પૅકેટ અથવા બૉટલમાં મળે છે. તેની તમારી યાદી બનાવો.









| પૅકેટ | કેટલા મિલિ કે લિટર ? |
|---|---|
| દૂધ | ૫૦૦ મિલિ |
| | |
| | |
| | |
| | |





## મારી લિટરની બૉટલ

તમે ૧ લિટર પાણીની બૉટલ જોઈ છે ?



૧ લિટરની બૉટલ અને થોડી બીજી નાની બૉટલો એકત્ર કરો. (Collect-કલેક્ટ) વિચારો કે ૧ લિટરની બૉટલ ભરવા તમારે નાની બૉટલો કેટલી વખત ખાલી કરવી પડશે.



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

તપાસો કે તમારું અનુમાન સાચું છે અને બાજુનું કોષ્ટક પૂર્ણ કરો.

| બૉટલો | મારું અનુમાન | મારું માપન |
|---|---|---|
| બૉટલ-૧ | | |
| બૉટલ-૨ | | |
| બૉટલ-૩ | | |
| | | |
| | | |

જુઓ આદિત્ય શું કહે છે.

તેની નાની બૉટલમાં કેટલું પાણી સમાઈ (Hold-હોલ્ડ) શકે છે? ____________







તો લીલાની બૉટલમાં કેટલું પાણી સમાઈ શકે ? ______________

## રામુની બૉટલનું માપ

રામુને ૨૫૦ મિલિની કોપરેલની ખાલી બૉટલ મળી. ચિત્ર જોઈને ચર્ચા કરો કે, મોટી બૉટલ ભરવા માટે રામુ શું કરશે ?








Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

**મારી માપવાની (Measuring-મેઝરિંગ) બૉટલ**

૨૦૦ મિલિ, ૪૦૦ મિલિ, ૬૦૦ મિલિ, ૮૦૦ મિલિ અને ૧ લિટરનું માપન કરી શકાય તેવી બૉટલ બનાવવાની તમારી રીત શોધો. તેની ચર્ચા તમારા મિત્રો અને શિક્ષક સાથે કરો.

**વિચારો અને ચકાસો.**

તમારા ઘરની ડોલ, મગ, પ્યાલો અને બીજી વસ્તુઓ જુઓ. વિચારો કે આ દરેકમાં કેટલું પાણી સમાઈ શકે છે. તમારી માપન બૉટલના ઉપયોગથી તમારું અનુમાન સાચું છે, ચકાસો.

| | મારું અનુમાન | મારું માપન |
|---|---|---|
| મગ | | |
| પ્યાલો | | |
| જગ | | |
| | | |
| | | |
| | | |
| | | |






Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

**દવાખાનામાં નીતુ**

નીતુને ૫ દિવસ સુધી દરરોજનાં ૩ ઇન્જેક્શન લેવાનાં છે.

તેને એક દિવસમાં કેટલી દવાની જરૂરિયાત છે ?

૫ દિવસની કુલ કેટલી દવા થશે ?









**આપણે એક સાથે કેટલો ઉપયોગ કરીએ છીએ ?**

- આંખનાં ટીપા — આપણે એક મિલિ કરતાં ઓછાં એકસાથે વાપરીએ છીએ.
- ________ — ____________________
- ________ — ____________________

એકસાથે એક લિટરથી વધારે વાપરતાં હોઈએ તેવી વસ્તુઓની યાદી બનાવો

- નાહવા માટેનું પાણી
- ____________________
- ____________________
- ____________________



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

**મહાવરો**

D3Z3F4

૧. અમીનાની પાણીની બાટલમાં ૧ લિટર પાણી સમાઈ શકે છે. તેણે ૨૫૦ મિલિ અને તેના મિત્ર ગોવિંદે ૧૫૦ મિલિ પાણી પીધું. હવે તેની બાટલમાં કેટલું પાણી બાકી (Left-લૅફ્ટ) રહ્યું હશે ?

૨. યુસુફ ચાની દુકાન ચલાવે છે. તે ૧ કપ ચા બનાવવા ૨૦ મિલિ દૂધ વાપરે (Use-યુઝ) છે. ગઈકાલે તેણે ૧૦૦ કપ ચા બનાવી, તો તેણે કેટલું દૂધ વાપર્યું હશે ?






૩. રાધાનાં દાદીમા બીમાર હતાં. ડૉક્ટરે તેમને ૨૦૦ મિલિ દવાની બૉટલ આપી, તેમણે ૧૦ દિવસ સુધી દરરોજ સવારે દવા લેવાની છે.

દરરોજ સવારે તેમણે કેટલા મિલિ દવા લેવી જોઈએ ? ......................





Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

## પાણી-પાણી

દાહોદ ગામમાં રહેતા ૫ સભ્યોના એક કુટુંબ દ્વારા ૧ દિવસના પાણીનો વપરાશ કોષ્ટકમાં દર્શાવેલ છે :

| પ્રવૃત્તિ | દર્શાવેલ પાણી (લિટરમાં) |
|---|---|
| રસોઈ અને પીવામાં | ૩૦ લિટર |
| કપડાં ધોવામાં | ૪૦ લિટર |
| વાસણ ધોવામાં | ૨૦ લિટર |
| નાહવામાં | ૭૫ લિટર |



તેઓએ કુલ કેટલું પાણી વાપર્યું ? .............. લિટર.

તમારું કુટુંબ એક દિવસમાં કેટલા લિટર પાણીનો ઉપયોગ કરે છે. વિચારીને કોઠો પૂર્ણ કરો :

| પ્રવૃત્તિ | પાણીનો ઉપયોગ (ડોલ) | પાણીનો ઉપયોગ (લિટર) |
|---|---|---|
| રાંધવામાં અને પીવામાં | | |
| કપડાં ધોવામાં | | |
| વાસણ ધોવામાં | | |
| | | |
| | | |
| | | |
| | | |

## ટીપે-ટીપે દરિયો બને

તમારા ઘર કે શાળામાં કોઈ નળ ટપકે છે ?

વિચારો કે ટપકતા નળ દ્વારા આપણે કેટલું પાણી બગાડીએ છીએ ? ટપકતા નળની નીચે ટીપાંને ઝીલવા નાની બૉટલ મૂકો અને સમય નોંધો. ૧ કલાક પછી તપાસો કે તે બૉટલમાં કેટલું પાણી એકઠું થયું છે.



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

શોધો કે એક દિવસમાં કેટલું પાણી બગડે છે. ....................

એક અઠવાડિયામાં ? ................

એક મહિનામાં ? ...............

એક વર્ષમાં ? ....................



## કોયડો




આણંદ ગામમાં દૂધમંડળી છે. ગીતા અને અમી ત્યાં ૪ લિટર દૂધ લેવા ગયાં. પરંતુ દૂધવાળાને ૧ લિટરનું માપિયું મળતું નથી. તેની પાસે ૩ લિટર અને ૫ લિટરનાં જ માપિયા છે. છતાં પણ તે તેમને પૂરું ૪ લિટર દૂધ આપે છે.

આમ તેણે કઈ રીતે કર્યું સમજાવો....

E1R9N5



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in